# આખરી પળ [૨]

રહસ્યકુ

- યશવંત મહેતા

# માણસ ખુદ પત્નીને પોતાના વિલમાંથી ક્યારે બાકાત કરવા માગે? શા માટે?

અજયનો પ્રશ્ન સાંભળીને ડૉક્ટર મહેતા કાંઈક મૂંઝાયા હોય એમ લાગ્યું. જાણે જવાબ માટેના શબ્દો શોધતા હોય, જાણે પોતાનાથી કશું અજુગતું બોલાઈ ન જાય એની સાવધાની માટે શબ્દો અને વિચારો ગોઠવતા હોય. આખરે, થોડીક સેકન્ડો બાદ એ બોલ્યા, ‘એક વાત તો એ છે કે પ્રિન્સને હું વર્ષોથી ઓળખું છું અને આટલાં વર્ષોમાં એમની ઉપર દારૂએ કશી અસર કરી હોય કે એમણે પીવાને કારણે કદીય ભાન ગુમાવ્યું હોય કે એમનો પગ સુધ્ધાં જરાય લથડ્યો હોય એવું મેં જોયું નથી. દારૂ એમનો માલિક નહોતો, પ્રિન્સ પોતે દારૂના માલિક હતા!’

એટલામાં બંગલાનો પાછળનો દરવાજો ખૂલ્યો અને એમાંથી એક જાજરમાન ઊંચેરી સ્ત્રી બહાર આવી. એની ઉંમર પાંત્રીસેકથી વધારે નહોતી લાગતી. એનાં વસ્ત્રો ઠસ્સાદાર હતાં અને ઘરેણાં મોંઘામૂલાં હતાં અને... અને એની પાણીદાર આંખો તેજસ્વિતાના અર્થમાં પાણીદાર હતી, અંદર પાણી ઝમવાના અર્થમાં પાણીદાર નહોતી! જી, હા, કેટલી બધી ગમખ્વાર ઘટના બની ગઈ હોવા છતાં એની આંખો કોરી હતી અને એની ચાલ સ્વસ્થ હતી. અજય તો રાધિકાના કાનમાં બપડ્યો પણ ખરો, ‘બાઈ ઘણી મજબૂત લાગે છે!’



નવરંગપુરા પોલીસ સ્ટેશનનો ઈન્સ્પેક્ટર દિનકર દેસાઈ પોતાનો રસાલો લઈને આવી પગોંચ્યો હોવાથી લાજકુંવરબા બહાર આવ્યાં હતાં. અજયે જોયું કે બાઈની ભવ્ય સ્વસ્થતાથી અનેક ઠસ્સાથી દિનકર ખાસ્સો અંજાઈ ગયો હતો. જો કે અજય-રાધિકાને અગાઉથી જ અહીં હાજર જોઈને એને નિરાંત વળી હતી. એણે જ અજય અને રાધિકાની ઓળખાણ લાજકુંવર સાથે કરાવી. અલબત્ત, લાજકુંવરે પડોશને નાતે રાધિકાને તો જોઈ જ હતી. અજય વિશે એણે કહ્યું કે પ્રિન્સ ઘણી વાર એ નામનો ઉલ્લેખ કરતા. આજે પહેલી જ વાર એને પ્રત્યક્ષ જોયો. અલબત્ત, એણે આ મુલાકાત બદલ કશા હરખની અભિવ્યક્તિ ન કરી. જો કે એમ પણ કહી શકાય કે આવા હરખ વ્યક્ત કરવાનો આ મોકો નહોતો.

દિનકરે જલદી જલદી જણાવી દીધું કે પોતે અને અજય પાકા મિત્રો છે અને જ્યારે કોઈ ઈન્વેસ્ટીગેશનમાં અજય હાજર હોય ત્યારે હું એને જ માથે ઘણોખરો ભાર નાખી દઉં છું-એને અને રાધિકાને માથે! પછી એણે ઉમેર્યું, ‘રાણીસાહેબ! આપના કપરા શોકને પ્રસંગે આપને કશા સવાલો પૂછવા ન જોઈએ. પરંતુ શું કરીએ, વીમા વગેરેને માટે ડૉક્ટર, પોલીસ, બધાના પ્રમાણપત્રો જોઈશે. એટલે અમારા સંતોષ ખાતર અને વિમા કંપનીની જાણ ખાતર થોડાક પ્રશ્નો અમારે પૂછવા પડશે. અમે માત્ર અમારી ફરજ બજાવીએ છીએ તેમ સમજીને આપના દુઃખના પ્રસંગે પ્રશ્નો બદલ અમને માફ કરજો. પ્લીઝ!’

લાજકુંવરે સ્વસ્થતાપૂર્વક સંમતિમાં મસ્તક હલાવતાં કહ્યું, ‘હું સમજી શકું છું, ઈન્સ્પેકટર. કહો, તમારે શું પૂછવાનું છે?’

‘આ ગજબ થયો ત્યારે આપ ક્યાં હતાં?’ અજયે તરત જ અગત્યનો પ્રશ્ન પૂછ્યો.

લાજકુંવરે જવાબ આપવાને બદલે દિનકર તરફ પ્રશ્નસૂચક દ્રષ્ટિ ફેંકી.

દિનકરે કહ્યું, ‘અજય એમ પૂછવા માગે છે કે જ્યારે પ્રિન્સને આ અકસ્માત નડ્યો ત્યારે આપ ક્યાં હતાં?’

‘પણ... આ મિસ્ટર...?’

‘ઑ! એને પ્રશ્ન પૂછવાનો અધિકાર છે કે કેમ, એવું તમે પૂછવા માગો છો? સાંભળો, શહેરના પોલીસ કમિશ્નરનો પરવાનો ધરાવતાં આ બંને પ્રાઈવેટ ડિટેક્ટીવો છે. પરવાનાને કારણે તેઓ કોઈ પણ અપરાધમાં સંશોધન કરવાનાં હકદાર છે-’

‘અપરાધ?!’ લાજકુંવરનું મસ્તક ટટ્ટાર થયું.

‘અપરાધ અથવા અપરાધની સંભાવના, રાણીસાહેબ,’ દિનકરે સ્પષ્ટતા કરી. ‘અમારા અને એમના સંશોધન બાદ અમુક કિસ્સામાં અપરાધ થયો ન પણ જણાય, પરંતુ મરણ જેવી કે મોટી લૂંટફાટ જેવી કે દેશદ્રોહ જણાય એવી ઘટનાઓમાં અમારે સંશોધન તો કરવાં જ પડે. એટલે અમે... પોલીસવાળા અને ડિટેક ટીવો... ધારીએ તેને પ્રશ્નો પૂછવાનો અને શંકા વધારે દ્રઢ જણાય તો ધરપકડ કરવાનોય અધિકાર ધરાવીએ છીએ.’

‘ઑ...હ!’ લાજકુંવરે જરાક અકડાઈ છોડી. ‘સાંભળો. એ વેળા હું બગીચામાં મને ગમતા ફૂલછોડોને પાણી સિંચતી હતી.’

‘અને પ્રિન્સ ઊડીને આપની પાસે આવતા હતા?’

‘ના. મને લાગે છે કે અમસ્થા બગીચામાં ટહેલવા માટે નીચે ઊતરવા લડ્યા હશે. આજ સવારથી એમણે ખૂબ પીવાનું શરૂ કર્યું હતું. આ એમની આજની બીજી બૉટલ છે. બેઠા બેઠા, બસ ઠાલવ્યે જ જતા હતા. એટલે એ ઊભા થયા ત્યારે ખૂબ લથડિયાં ખાતા હતાં. એમને ટેકો આપવા માટે હું આ બાજુ દોડી આવી, પરંતુ એટલામાં તો એ પગથિયું ચૂક્યા. પડ્યા. પેલા કૂંડાની ધારદાર અણી એમના લમણામાં વાગી. એ બેહોશ બનીને ગબડી પડ્યા. લોહી ખૂબ વહેવા લાગ્યું, એટલે મેં ડૉક્ટર મહેતાને ઘરે ફોન કર્યો. ઘેરથી સમાચાર મળ્યા કે ડૉક્ટર તો એમના દોસ્ત મિસ્ટર ચેટરજીને ઘેર બેઠા છે. એટલે ત્યાં ફોન કરીને મેં એમને બોલાવ્યા. એ આવ્યા ત્યાં સુધી મને ખબર નહોતી કે એમને... એમના... પ્રાણ ચાલ્યા ગયા...’

લાજકુંવરબાની સ્વસ્થતા હવે તૂટવા લાગી. એમનો અવાજ તરડાવા લાગ્યો. અજયે તરત સહાનુભૂતિભર્યા અવાજે કહ્યું, ‘અમને આ ઘટના બદલ ખૂબ દિલગીરી છે, રાણીસાહેબા. મને લાગે છે કે મારા મિત્ર દિનકર દેસાઈ પણ હવે પ્રશ્નો પૂછીને આપને તંગ કરવા નથી માગતા. આપ હવે આરામ કરો. પણ થોડીક વાર ક્યાંક બ હાર ન જતાં અને આજકાલ બહારગામ ન જતાં.’

‘ભલે,’ બોલીને લાજકુંવરબા ગયાં. ડૉક્ટર મહેતા જરાક વિચિત્ર લાગે એવી નજરે ઘણી વાર સુધી એમની પીઠ પાછળ તાકી રહ્યા.

આ જોઈને અજયે પૂછ્યું, ‘કેમ આમ જોઈ રહ્યા છો, ડૉક્ટર સાહેબ? લાગે છે કે રાણીબા પ્રત્યે તમારા મનમાં જરૂર કશોક દ્વેષ છે.’

ડૉક્ટરે માથું ધુણાવ્યું. ‘કોણ જાણે કેમ, હજુ મને સંતોષ નથી થતો. આ બાઈ જ્યારે પ્રિન્સની સાથે લડતી ઝઘડતી ત્યારે મને લાગતું કે આ તો સાધારણ પારિવારિક ઝઘડો હશે. પણ મને ગયે અઠવાડિયે જ પ્રિન્સે જણાવેલું કે પોતે લાજકુંવરને પોતાના વિલમાંથી બાકાત કરવા માગે છે. માણસ ખુદ પત્નીને પોતાના વિલમાંથી ક્યારે બાકાત કરવા માગે? શા માટે?’

‘પણ એવું તો બની શકે જ કેમ?’ દિનકરે શંકા ઊઠાવી.

‘સાવ એવું તો ન બની શકે, બરાબર, કારણ કે પતિ પછી એની મિલકત ઉપર પત્નીનો અધિકાર થાય છે, પરંતુ પ્રિન્સને પહેલી પત્નીથી થયેલો એક કુંવર પણ છે, જે હાલ ઈંગ્લેન્ડમાં ભણે છે. એટલે પોતાની પાછળ લાજકુંવરને માત્ર જીવાઈ મળે અને મુખ્ય મિલ્કત કુંવરને મળે એવું વિલ તો પ્રિન્ બનાવી જ શકે. હું ધારું છું કે પ્રિન્સનું વિલ આપણે જોવું જોઈએ.’

આમ, વાતો ચાલતો હતી ત્યાં જ ફૉરેન્સિક લેબોરેટરીનો ટેકનિશ્યિન સલામ કરતો સામો આવીને ઊભો રહ્યો. દિનકરે નજરના ઈશારાથી જ એને બોલવાની સંમતિ આપી, એટલે એણે અહેવાલ આપવા માંડ્યો, ‘અમે આંગળાંની છાપોની તપાસ પૂરી કરી છે, સાહેબ. પ્યાલી પર ચાર-પાંચ જાતની છાપો છે. બૉટલ પર મરહૂમનાં પાંચે આંગળાંની એક છાપ છે. ગાર્ડન ટેબલ પર અને ખુરશી પર મરહૂમનાં તતા રાણીસાહેબાનાં અને નોકરચાકરનાં આંગળાંની અનેક છાપો છે. પેલા કૂંડા પરથી કોઈનીય આંગળાંની છાપો મળી શકે એમ નથી...’

‘શું? છાપો જ નથી?’ દિનકર આશ્ચર્યથી પૂછી રહ્યો.

‘કૂંડાં તો દરરોજ સાફ થાય. નોકરચાકર એમની ઝાપટઝૂંટ કરે, પણ એમને અડકવાનું તો ભાગ્યે જ બને, સાહેબ,’ લેબના ટેકનિશ્યિને કહ્યું.

અજયે ડોકું હલાવીને એની વાત સ્વીકારી. પછી આ વિશે વિશેષ કાંઈ પૂછવાનું ન હોવાથી શબને મરણોત્તર પરીક્ષા માટે ઉપાડવાની જોગવાઈ કરવા ટેકનિશ્યિન ચાલ્યો ગયો.

આ પછી ડૉક્ટર મહેતા, અજય, રાધિકા તથા દિનકરને પ્રિન્સના પોતાના શયનખંડમાં લઈ ગયા. ‘પ્રિન્સ પોતાના ખાસ ખાસ કાગળો પોતાના શયનખંડના કબાટમાં જ રાખતા,’ એમણે જણાવ્યું. ‘અને દોસ્તીને દાવે મને એ કાગળો જોવાનો અધિકાર છે એમ હું માની લઉં છું-ખાસ કરીને જ્યારે એમનું આવા કમનસીબ સંજોગોમાં મોત થયું છે ત્યારે...’

એ કબાટમાંથી પ્રિન્સનું વિલ શોધી કાઢતાં ડૉક્ટર મહેતાને વાર ન લાગી. ચારેય જણે સાથે મળીને એ વિલ વાંચ્યું. એમાં તો પ્રિન્સે લાજકુંવરને જ પોતાનાં કુલ વારસદાર ઠેરવ્યાં હતાં. જો એમાં કશો ફેરફાર કરવાનો ખ્યાલ હોય તોય પ્રિન્સ હજુ એનો અમલ કરી શક યા નહોતા.

ડૉક્ટર મહેતા બોલ્યા, ‘એટલે કે પ્રિન્સ પોતાનું વિલ બદલે તે અગાઉ જ એમને ખતમ કરી નાખવાની રાજરમત ખેલાઈ હોય એ શક્ય છે.’

‘રાજરમત કે લાજરમત?’ રાધિકાએ શબ્દરમત કરી.

પણ દિનકરે માથું ધુણાવ્યું. ‘એમ, માત્ર આટલા જ આધાર પર આપણે લાજકુંવરબા ઉપર કશો આરોપ ન જ મૂકી શકીએ.’

અજયે જરા સ્મિત સાથે માથું હલાવ્યું. ‘એક ખૂબસૂરત સ્ત્રી તરફ તારી સહાનુભૂતિ સમજાય એવી છે, દિનકર, પરંતુ બધા જ સંજોગો તેમજ ડૉક્ટર મહેતા પણ લાજકુંવર સામે આંગળી ચીંધે છે અને વળી એ જૂઠું બોલ્યાં છે, એમ સાબિત થશે એટલે-’

‘એટલે શું એ જૂઠું બોલ્યા છે? ક્યારે?’ ઉતાવળે પૂછી બેઠી.

અજય કહે, ‘તું જ શોધી કાઢ ને! તારે ઘેર ચાના ટેબલ પર વાત થઈ ત્યારથી અત્યાર સુધી આખો વખત તું હાજર જ હતી!’

**(કહો, વાચક મિત્રો! લાજકુંવરનું જૂઠ ક યાં સમાયેલું છે? અજય અને કયે આધારે અપરાધી ઠેરવશે? જવાબ આ કથામાં જ વણાઈ ગયો છે. શોધી કાઢો.)**